ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# સૌરાષ્ટ્રનાં વેરહાઉસીંગ ક્ષેત્રમાં ફાયદા અને સંગ્રહ ક્ષમતા પર એક અભ્યાસ

**RATABHAI RAVJIBHAI ROJASRA**

MA with Economics, G-SET

સારાંશ

આ અભ્યાસ સૌરાષ્ટ્રના વેરહાઉસીંગ ક્ષેત્ર પર  કરવામાં આવ્યો છે. આ અભ્યાસ કરવા માટે સૌરાષ્ટ્ર ના ૧૧ જિલ્લાઓની વેરહાઉસીંગ સંગ્રહ ક્ષમતાદર્શાવતી માહિતી લેવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ અને ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનના વેરહાઉસનો અભ્યાસ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૪-'૧૫ થી ૨૦૧૮-'૧૯ સુધી કુલ પાંચ વર્ષનો સમયગાળો લેવામાં આવ્યો છે. આ અભ્યાસ ગૌણ માહિતી પર આધારીત છે. માહિતીનું એકત્રીકરણ કરવા માટે ગુજરાત રાજ્ય ના આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર નિયામકની વેબસાઇટ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ અને ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનની અધિકૃત વેબસાઇટ પરથી માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ અભ્યાસનું વિશ્લેષણ કરવા માટે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરિણામ સ્વરૂપે સૌરાષ્ટ્રમાં તમામ જિલ્લાઓમાં વેરહાઉસના સંગ્રહ ક્ષમતામાં વધારો થયેલો જોવા મળ્યો છે.

મુખ્ય શબ્દો

વેરહાઉસીંગ, સંગ્રહ ક્ષમતા,ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશન અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ.

VIDHYAYANA

પ્રસ્તાવના

"Trade isn't about goods. Trade is about information. Goods sit in the warehouse until information movesthem."-C.J. Cherryh, Chanur's Legacy

ઉપરોક્ત  સુવાક્યથી ખ્યાલ આવે છે કે વેરહાઉસનુ અર્થવ્યવસ્થામા ઘણું મહત્વ ધરાવે છે. વેરહાઉસ નો છેલ્લાં ચાર પાંચ વર્ષથી  ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ થઇ રહ્યો છે. આખા વર્ષ દરમિયાન માલ સ્ટોર કરીને  જ્યારે જરૂર પડે ત્યારે મુક્ત કરીને વેરહાઉસિંગ સમયની ઉપયોગિતા બનાવે છે. તેથી અહીં સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વેરહાઉસની સંગ્રહક્ષમતામાં કેટલાં પ્રમાણમાં વધારો થયો છે, છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન તેનો અભ્યાસ કરીશું.

સંદર્ભ સાહિત્યની સમીક્ષા

૧. વિભોરમહાજન, શિવેન્દ્ર પ્રતાપસિંઘ અને સની કુમાર સિંઘ (૨૦૧૩), "ભારતમાં વેરહાઉસિંગમા આધુનિકરણ કરવાની તકનીકનો એક અભ્યાસ". આ અભ્યાસમાં જાણવા મળ્યું હતું છે કે જો વેર હાઉસિંગમા આધુનિકરણ કરવામાં આવેતો ખર્ચમાં ઘટાડો થાય, ઓછી જગ્યામાં વધુ વસ્તુઓને સમાવેશ કરી શકાય છે. જેથી ગ્રાહકોના સંતોષમા વધારો થઇ શકે છે. અભ્યાસમા જાણવા મળ્યું હતું કે ત્યારે કરવેરાની વ્યવસ્થા બરાબર ન હોતી. જો વેરહાઉસિંગમા આધુનિકરણ કરવામાં આવે તો વિશ્વસ સાથે તાલ મિલાવી શકાય છે.

૨.વી. શિવકુમાર અને આર. રુ થરમાથી (૨૦૧૯), "ચેન્નાઈમાં વેરહાઉસિંગ કંપનીઓની સમસ્યાઓ અને ભવિષ્ય." આ અભ્યાસ પ્રાથમિક માહિતી પર આધારીત હતો. વિશ્લેષણ કરવામાટેએનો વાટેસ્ટ કર્યો છે. ચેન્નાઈમાં વેરહાઉસિંગ કંપની નો સારો એવો વિકાસ થયો છે. તેથી ત્યાં કંપનીના નફામાં વધારો થઈ રહ્યો છે.

અભ્યાસના હેતુ

1. આ અભ્યાસમાં સૌરાષ્ટ્રમાં ગુજરાત રાજ્ય વેરહાઉસિંગની સંગ્રહક્ષમતામાં થયેલ વધારો જાણવો.

2. અભ્યાસ હેઠળ પંસદ કરેલ સૌરાષ્ટ્રમાં ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ વેરહાઉસિંગની સંગ્રહક્ષમતામાં થયેલ વધારો જાણવો.

3. વેરહાઉસના ફાયદા જાણવા.

સંશોધન સંરચના

સંશોધન સંરચનાએ વૈચારિક રચના છે. જેમાં સંશોધન હાથ ધરવા માટેની યોજના હોય છે. જેમાં માહિતીનું એકત્રીકરણ, માપન અને વિશ્લેષણ માટેનું આયોજન હોય છે. સંશોધનમાં શું છે, તેનો સારાંશ હોય છે. જેમાં પૂર્વધારણાથી પરિણામ સુધીની તમામ માહિતીનો સમાવેશ કરવામાં આવે છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

અભ્યાસનો સમયગાળો

અભ્યાસના સમયગાળા તરીકે વર્ષ ૨૦૧૪-'૧૫ થી ૨૦૧૮-'૧૯ સુધી  કુલ પાંચ વર્ષ સુધીનો સમયગાળો લેવામાં આવ્યો છે.

અભ્યાસનું વ્યાપવિશ્વ

અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માહિતીના સ્ત્રોત

આ અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. ગુજરાત સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની  કચેરી દ્વારા પ્રકાશિત માહિતી અને વેરહાઉસીંગની અધિકૃત વેબસાઈટ પરથી માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ વેબસાઈટ પરથી વાર્ષીક અહેવાલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સંદર્ભ લેખો અને સામયિકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અભ્યાસની પદ્ધતિ

અભ્યાસની પદ્ધતિ તરીકે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ  કરવામાં આવ્યો છે. જેમાં ગુજ -રાત રાજ્ય વેરહાઉસિંગની અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડના વેરહાઉસિંગની સંગ્રહક્ષમતામાં થયેલ વધારો જાણવા માટે આ  પધ્ધતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વેરહાઉસના ફાયદા

નિયમિત ઉત્પાદન

સતત ઉત્પાદન ચાલુ રાખવા માટે કાચો માલ સંગ્રહવામાટે જરૂરી છે. કેટલીક વાર, ભાવમાં વધારાની અપેક્ષાએ માલ સંગ્રહ કરવામાં આવે છે. વેરહાઉસો ઉત્પાદકોને ભવિષ્યમાં માંગની અપેક્ષાએ માલનું ઉત્પાદન કરવા સક્ષમ બનાવે છે.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

સમયની ઉપયોગિતા

એક વેરહાઉસ માલના ઉત્પાદન અને વપરાશ વચ્ચેનો સમય અંતર લાવીને સમયનો ઉપયોગિતા બનાવે છે. જ્યારે પણ ગ્રાહકો દ્વારા જરૂરી હોય અથવા માંગ કરવામાં આવે ત્યારે તે માલ ઉપલબ્ધ કરવામાં મદદ કરે છે. કેટલાક માલનું ઉત્પાદન આખું વર્ષ થાય છે, પરંતુ બીજી તરફ ફક્ત સીજનમાં રેઇન કોટ, છત્રી, હીટર વગેરે તે સમય દરમિયાન જ માંગ કરવામાં આવે છે, કેટલાક ઉત્પાદનોની માંગ આખા વર્ષ દરમિયાન કરવામાં આવે છે પરંતુ તે ચોક્કસ ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે, દા.ત. ઘઉં, ચોખા, બટાકા, વગેરે ચોખા, તમાકુ, આલ્કોહોલ અને ગોળ જેવા ચીજો સમયની સાથે વધુ કિંમતી બને છે.

સરપ્લસ માલ સ્ટોર

મૂળભૂત રીતે, વેરહાઉસ સરપ્લસ માલના સ્ટોર તરીકે કાર્ય કરે છે. જેની તાત્કાલિક જરૂર નથી. ચીજ વસ્તુઓ ઘણીવાર માંગની અપેક્ષામાં ઉત્પન્ન થાય છે અને ગ્રાહકો દ્વારા માંગ ન થાય ત્યાં સુધી તેને યોગ્ય રીતે સાચવવાની જરૂર રહે છે. ભવિષ્યમાં માંગને પહોંચી વળવા માટે જે માલ તુરંત જરૂરી નથી તે વેરહાઉસમાં સંગ્રહિત કરી શકાય છે.

VIDHYAYANA

જોખમ ઘટાડવું

વેરહાઉસ માલની સલામત કસ્ટડીની વ્યવસ્થા કરે છે. નાશવંત ઉત્પાદનો કોલ્ડ સ્ટોરેજમાં સાચવી શકાય છે. તેમના માલને વેરહાઉસમાં રાખીને, ઉદ્યોગપતિઓને આગ, ચોરી વગેરેથી થતા નુકસાનને ઘટાડી શકે છે, સામાન્ય રીતે વેરહાઉસમાં રાખેલ માલનો વીમો લેવામાં આવે છે. માલને નુકસાન અથવા નુકસાન થવાના કિસ્સામાં, માલના માલિકને વીમા કંપની પાસેથી સંપૂર્ણ વળતર મળી શકે છે.

ગુજરાત રાજ્ય વેરહાઉસીંગનો પરીચય

ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશનની સ્થાપના વેરહાઉસીંગ કોર્પોરેશન્સ એકટ, ૧૯૬૨ હેઠળતા. ૫-૧૨-૧૯૬૦નાં રોજ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં વૈજ્ઞાનકિ ઢબે સંગ્રહની સુવિધા પુરી પાડવામાં આવે છે.. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા વર્ષ ૧૯૫૦માં રચવામાં આવેલ ઓલ ઈન્ડીયા

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

રૂરલ ક્રેડીટસર્વે કમિટી તેમનાં વર્ષ ૧૯૫૪નાં રીપોર્ટમાં ભલામણ કરેલકે સંગ્રહ અંગે કોઈ માળખું ગોઠવવામાં આવે અથવા સરકારશ્રીનાં નેજા હેઠળનાં જાહેર સાહસ દ્વારા સંગ્રહની વ્યવસ્થા ઉભી કરવામાં આવે, ઉપરાંત સંગ્રહની રિસીપ્ટ ઉપર ઔદ્યોગિક ધિરાણ સહેલાઈથી પ્રાપ્ત થાય તે માટેનાં તમામ પગલાં લેવાની ગોઠવણ કરવા ભલામણ કરેલ હતી. કમીટિની ભલામણનાં અનુસંધાને પાર્લામેન્ટ ધ્વારા એગ્રી કલ્ચરલ પ્રોડયુસ (ડેવલપમેન્ટ એન્ડ વેરહાઉસીંગ) એકટ, ૧૯૫૬ મંજુર કરવામાં આવ્યો, જે પાછળથી બદલાઈને ધી વેરહાઉસીંગ કોર્પોરેશન એકટ, ૧૯૬૨ થયેલ છે. બોમ્બે રાજયનાં ભાગલા બાદ બે રાજય અસ્તીત્વમા આવ્યા જેવા કે મહારાષ્ટ્ર રાજય તથા ગુજરાત રાજય થતાં ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશન તા. ૫-૧૨-૧૯૬૦નાં રોજ થી અસ્તિંત્વમા આવેલ છે. વેરહાઉસીં ગ સકોર્પોરેશનની રચના સમયે નાના ખેડૂતોને તેમના માલની સંગ્રહની જરૂરિયાત પુરી પાડવી તથા તેનું વૈજ્ઞાનકિ ઢબે સુરક્ષિત સંગ્રહની સગવડ પુરી પાડીને રાષ્ટ્રની સંપતિનુ નુકશાન ઘટાડીને ખેડૂતો ને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એવી વેરહાઉસ રસી દદ્વારા ધિરાણ પ્રાપ્ત કરવાનું અને આ દ્વારા તેમની તથા રાષ્ટ્રની આવક વધારવામાં મદદરૂપ થવાનો ધ્યેય રાખવામાં આવેલ છે. સંગ્રહ કામગીરી શરૂ આતનાં તબકકે નિગમ ધ્વારા ૯૩૦ મે. ટનનાં સંગ્રહક્ષમતાનાં ગોડાઉનો જે ડે રોલ, ઉંઝા તથા બોડેલી જેવા ત્રણ કેન્દ્રો જેવા રસામાં મળેલ હતા તેનાં દ્વારા સંગ્રહની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી.

VIDHYAYANA

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ સપરીચય

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડની સ્થાપના રાજ્યસરકારની કંપની તરીકે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના પરિપત્રનં.સીએસસી/ ૧૧૮૦/૧૪૬૯/એ, તા.૨૫/૯/૧૯૮૦, કંપની ધારા ૧૯૫૬ ના અનુચ્છેદ ૬૧૭ હેઠળ કરવામાં આવી છે. આવશ્યક ચીજવસ્તુઓની પ્રાપ્તિ, સંગ્રહ અને વિતરણ ની કામગીરી કરવા માટે નિગમ ગાંધીનગર ખાતે નિગમની વડી કચેરી, જીલ્લાઓ ખાતે જીલ્લા કચેરી ઓ અને તાલુકા કક્ષાએ સંગ્રહમા ટેગોડાઉનો ધરાવે છે. નિગમ પાસે હાલ અંદાજે ૩.૪૦લાખ મે.ટન ની સંગ્રહશકિત ઉપલબ્ધ છે.

માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ દ્વારા વેરહાઉસની સવલત દર્શાવતું કોષ્ટક

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

(કોષ્ટકનં.૧.૦) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ  લ ( સંગ્રહક્ષમતા MTs માં)

વર્ષ જિલ્લા સુરેન્દ્રનગર રાજકોટ જામનગર પોરબંદર જૂનાગઢ અમરેલી ભાવનગર દેવભૂમિદ્વારકા ગીરસોમનાથ બોટાદ મોરબી

2014-'15 સંખ્યા 20 22 9 2 17 19 10 6 3 6 4 સંગ્રહક્ષમતા  9700 15010 6800 1570 9200 9800 7700 2750 3100 4650 3800

2015-'16 સંખ્યા 20 22 10 2 17 21 10 6 3 6 4

સંગ્રહક્ષમતા 9700 15010 7500 1570 9200 11800 7700 2750 3100 4650 3700

2016-'17 સંખ્યા 21 26 10 2 21 21 14 7 4 7 4

સંગ્રહક્ષમતા 10400 19960 7500 1570 12300 11800 10400 3450 3800 5650 3800

2017-'18 સંખ્યા 22 34 11 9 23 22 19 9 6 7 9

સંગ્રહક્ષમતા 10400 28560 8300 10250 14300 12694 14150 4650 3800 5650 9300

2018-'19 સંખ્યા 22 34 11 9 27 23 19 10 6 7 9

સંગ્રહક્ષમતા 10400 28560 8300 10250 21300 14694 14150 6650 3800 5650 9300

કુલસંગ્રહક્ષમતા 50600 107100 38400 25210 66300 60788 54100 20250 17600 26250 29900

સ્ત્રોત :ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ–ગાંધીનગર

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડદ્વારાવેરહાઉસનીસવલતદર્શાવતી આકૃતિ

(આકૃતિનં.૧.૦)

સ્ત્રોત : ઉપરોક્ત કોષ્ટકના આધારે

ઉપરોક્ત ગ્રાફમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના વેરહાઉસની સંગ્રહ ક્ષમતા દર્શાવે છે. આ ગ્રાફમા X-ધરી પર કુલ સૌરાષ્ટ્રના૧૧જિલ્લાઓ દર્શાવવામાં આવ્યા છે.  વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૧૮-'૧૯ સુધી કુલ પાંચ વર્ષનો સમયગાળો લેવામાં આવ્યો છે. જ્યારે Y-ધરી પર સંગ્રહ ક્ષમતા (MTsમાં) દર્શાવે છે. સૌરાષ્ટ્ર માં સૌથી વધારે વેરહાઉસની સંગ્રહ ક્ષમતા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા

નિગમ દ્વારા રાજકોટમાં ૧૦૭૧૦૦MTs કુલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે. ત્યાર પછીના સ્થાનમાં જૂનાગઢ જિલ્લો ૬૬૩૦૦ MTs કુલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ ૧૭૬૦૦ MTs કુલસંગ્રહ ક્ષમતા સાથે ગીરસોમનાથ જિલ્લામાં ધરાવે છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની કુલસંગ્રહ ક્ષમતા પાંચ વર્ષ દરમિયાન ૪૯૬૪૯૮ MTs કુલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે.

ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશન વેરહાઉસની સવલત દર્શાવતું કોષ્ટક

(કોષ્ટકનં.૧.૧)

વર્ષ ગુજરાતરાજ્યવેરહાઉસીંગકોર્પોરેશન ( સંગ્રહક્ષમતાIMTs )

જિલ્લા સુરેન્દ્રનગર રાજકોટ જામનગર પોરબંદર જૂનાગઢ અમરેલી ભાવનગર દેવભૂમિદ્વારકા ગીરસોમનાથ બોટાદ મોરબી

2014-’15 સંખ્યા 2 2 1 1 2 1 2 – – – –

સંગ્રહક્ષમતા 9340 5120 6400 3706 7050 1300 4730 – – – –

2015-’16 સંખ્યા 2 2 1 1 2 1 2 – – 1 –

સંગ્રહક્ષમતા 9340 5120 6400 1700 7050 1300 3580 – – 1150 –

2016-’17 સંખ્યા 2 12 4 – 8 3 1 – 4 1 4

સંગ્રહક્ષમતા 9340 125265 97092 – 55213 5759 3580 – 35503 1150 15770

2017-’18 સંખ્યા 4 15 4 – 8 6 2 1 4 – 5

સંગ્રહક્ષમતા 37669 365220 128707 – 123384 81374 4730 5563 38568 – 72732

2018-’19 સંખ્યા 5 12 4 – 8 5 2 – 2 – 1

સંગ્રહક્ષમતા 9677 29860 21772 – 11067 3792 4730 – 491 – 2404

કુલસંગ્રહક્ષમતા 75366 530585 260371 5406 203764 93525 21350 5563 74562 2300 90906

સ્ત્રોત : ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશન – અમદાવાદ

ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશન વેરહાઉસની સવલત દર્શાવતી આકૃતિ

(આકૃતિનં.૧.૧)

સ્ત્રોત : ઉપરોક્ત કોષ્ટકના આધારે

ઉપરોક્ત ગ્રાફમાં ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનની વેરહાઉસ સંગ્રહ ક્ષમતા દર્શાવે છે. આ ગ્રાફમા X-ધરી પર સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ દર્શાવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ થી૨૦૧૮-'૧૯ સુધી કુલ પાંચ વર્ષનો સમયગાળો લેવામાં આવ્યો છે. જ્યારે Y-ધરી પર સંગ્રહ ક્ષમતા દર્શાવે છે, MTs માં છે. સૌરાષ્ટ્રમાં ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનની સંગ્રહ ક્ષમતા સૌથી વધારે રાજકોટમાં ૫૩૦૫૮૫ MTs કુલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે. ત્યારબાદ ના સ્થાને જામનગર જિલ્લો આવે છે. જ્યારેસૌથી ઓછો પ્રમાણ બોટાદ જિલ્લામાં૨૩૦૦ MTs કુલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે. કુલ પાંચ વર્ષ દરમિયાન સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં કુલ સંગ્રહ ક્ષમતા ૧૩૬૩૬૯૮ MTs ધરાવે છે.

નિષ્કર્ષ

આ અભ્યાસ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓના વેરહાઉસીંગ સંગ્રહ ક્ષમતા પર કરવામાં આવ્યો છે. વેરહાઉસના અભ્યાસ કરવા માટે ગુજરાત રાજ્ય વેરહાઉસ કોર્પોરેશનની અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ બંનેની વેરહાઉસ સંગ્રહક્ષમતા જાણવામાં આવી છે. તે પરથી કહી શકાય છે કે છેલ્લાં પાંચ વર્ષમાં વેરહાઉસની સંગ્રહક્ષમતામાં ખૂબજ વધારો જોવા મળ્યો છે. જે સરકારની યોગ્ય નીતિઓનું પરિણામ છે. તેમ છતાં વિસ્વાસ સાથે તાલ મિલાવવા માટે આ ક્ષમતા ખૂબજ ઓછી છે. જો આ ક્ષમતામાં વધારો થાય તો ખૂબજ લાભદાયી થય શકે તેમ છે. નિગમને જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરી કરવા માટે વધુ સંગ્રહશકિતની આવશ્યકતા છે.

## સંદર્ભ

1. https://gujecostat.gujarat.gov.in/publications-branch

2. https://gswc.gujarat.gov.in/introduction.htm

3. https://gscscl.gujarat.gov.in/

4. http://www.yourarticlelibrary.com/marketing/marketing-management/warehousing-function-benefits-and-types-of-warehousing/27952

5. Vibhor Mahajan, Shivendra Pratap Singh & Sunny Kumar Singh,"Analysis of Indian Warehousing Sector and Warehouse Optimization and Modernisation Techniques" International Journal on Advanced Computer Theory and Engineering (IJACTE) Volume-2, Issue-5, 2013 .

6. V.Sivakumar, R.Ruthramathi," Challenges and Features of Warehousing

Operations With Respect to Logistics Warehouse Companies in Chennai "International Journal of Innovative Technology and Exploring Engineering (IJITEE), Volume-9, Issue-1, November 2019.